# સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) ખાતે૧૧ માસ માટે કરાર આધારિત જગ્યાઓના કરાર બાબત

समग्र शिक्षा
Samagra Shiksha

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| | **જિલ્લાકક્ષાની જગ્યા** | | |
| ૧ | પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર: સેકન્ડરી એજ્યુકેશન | રૂા.૨૭,૦૦૦/– | ૧૧ |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ક્વોલીટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) | રૂા.૨૭,૦૦૦/– | ૦૬ |
| ૩ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજ્યુકેશન<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૨૭,૦૦૦/– | ૦૬ |
| ૪ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી | રૂા.૨૭,૦૦૦/– | ૦૦ |
| ૫ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. | રૂા.૩૦,૦૦૦/– | ૦૪ |
| ૬ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એક્સેસ | રૂા.૨૭,૦૦૦/– | ૦૪ |
| ૭ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | રૂા.૨૭,૦૦૦/– | ૦૭ |
| ૮ | એડીશનલ મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર: ગર્લ્સ એજ્યુકેશન (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૨૩,૦૦૦/– | ૦૩ |
| ૯ | સીવીલ ઈજનેર | રૂા.૩૦,૦૦૦/– | ૧૦ |
| ૧૦ | આસિસ્ટન્ટ આર્કિટેક | રૂા.૩૦,૦૦૦/– | ૧૫ |
| | **તાલુકા/કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) કક્ષાની જગ્યા** | | |
| ૧૧ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા) | રૂા.૨૩,૦૦૦/– | ૨૮ |
| ૧૨ | બ્લોક રિસોર્સ પર્સન: એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજ્યુકેશન/સેકન્ડરી એજ્યુકેશન) | રૂા.૨૨,૦૦૦/– | ૬૨ |
| ૧૩ | બ્લોક રિસોર્સ પર્સન: નિપુણ (પ્રજ્ઞા) | રૂા.૨૨,૦૦૦/– | ૧૧ |
| ૧૪ | આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૫,૦૦૦/– | ૧૦૨ |
| ૧૫ | હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૮,૫૦૦/– | ૫૭ |

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયમાં જિલ્લાકક્ષા/તાલુકાકક્ષા/કેજીબીવી ખાતે ઉક્ત **ખાલી રહેલ જગ્યાઓની ભરતી માટે તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે** પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાતો અને પૂરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન–લાઈન અરજીઓ** મંગાવવામાં આવે છે. **ક્રમ– ૩, ક્રમ–૮, ક્રમ–૧૪ અને ક્રમ–૧૫ ની જગ્યા માટે ફકત મહિલા ઉમેદવારની અરજીઓ માન્ય ગણાશે.**

**ઉપરોક્ત તમામ જગ્યા માટે ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

ઉમેદવારે ઓન–લાઈન અરજી **http://www.ssagujarat.org** વેબ સાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઈટ પર મૂકેલ ઉક્ત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ તથા જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહિં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહિં.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે **ઓન–લાઈન કરેલ અરજીની પ્રિન્ટ સાથે** જરૂરી પ્રમાણપત્રોની એક–એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**ઓન–લાઈન અરજી કરવાની તારીખ : ૨૧/૦૫/૨૦૨૫ (૧૪:૦૦ કલાક થી શરૂ)**

**ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૧/૦૫/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–૧૯, ગાંધીનગર**

(માહિતી/૩૭૧/૨૦૨૫–૨૬)